# વિકાસ બેંક રચવા બ્રિક્સનો નિર્ણય




ફોર્ટેલેજા,તા. ૧૬

બ્રિક્સ શિખર બેઠકમાં ૧૦૦ અબજ ડોલરની શરૂઆતી નક્કી કરવામાં આવેલી રકમ સાથે નવી વિકાસ બેંકની સ્થાપના કરવાનો નિર્ણય આખરે કરવામાં આવ્યો છે. આ રકમમાં શરૂઆતી તબક્કામાં સ્થાપક દેશોની બરોબરની ભૂમિકા રહેશે. આ નિર્ણયને ભારતની મોટી જીત તરીકે ગણવામાં આવે છે. આનાથી પણ મોટી બાબત એ છે કે બ્રિક્સ ડેવલપમેન્ટ બેંકના પ્રથમ પ્રમુખ ભારતમાંથી જ બનશે. ઉભરતી સત્તાના બનેવલા બ્રિક્સ ગ્રુપના નેતાઓ આ ઐતિહાસિક નિર્ણય પર સહમત થયા છે. બ્રિક્સ દેશોમાં ભારત. ચીન, રશિયા, દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ઈન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટોને નાણાંકીય રીતે મદદ કરવા અને ભાવિ આર્થિક તકલીફને દુર કરવાના હેતુથી બ્રિક્સ વિકાસ બેંકની રચના કરવા તમામ નેતાઓ સહતમ થયા હતા. ઉત્તરપૂર્વીય બ્રાઝિલિયન શહેર ફોર્ટેલેજા ખાતે શિખર બેઠક યોજાઈ હતી. ભારતે શરૂઆતથી ભાર પૂર્વક કહ્યું હતું કે તેના પર કોઈ એક દેશનુ પ્રભુત્વ હોવુ જોઈએ નહી. બેંકના પ્રથમ અધ્યક્ષ ભારતમાંથી જ કોઈને બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે બેંક હેડક્વાર્ટસ શાંઘાઈમાં બનાવવા માટેની ચીનની ઈચ્છાને પૂર્ણ કરવામાં આવી હતી.ભારતે નવી દિલ્હીમાં હેડક્વાર્ટસ બનાવવા માટેની ઈચ્છા વ્યક્ત કરી હતી. પાંચ દેશોના જુથવાળે બ્રિક્સ ગ્રુપની બેઠકમાં ૧૦૦ અબજ ડોલરની રકમ સાથે આ બેંક શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણયને ખુબ ઐતિહાસિક ગણાવામાં આવે છે.

૧૦૦ અબજ ડોલરની રકમ સાથે બનનાર વિકાસ બેંકની કામગીરી શોર્ટ ટર્મ લિક્વિડીટીની સમસ્યાને દુર કરવા , બ્રિકસ દેશો વચ્ચે સહકાર વધારવા , વૈશ્વિક નાણાંકીય સેફટીને મજબુત કરવાની રહેશે. એમ માનવામાં આવે છે કે બેંક અને ફંડને પશ્ચિમી દેશોના પ્રભુવવાળા વિશ્વ બેંક અને આઈએમએફ જેવી સસ્થાઓને ટક્કર આપવા માટે રચવામાં આવી છે. વિશ્વ બેંક અને આઈએમએફ જેવી ટોચની વૈશ્વિક સંસ્થાઓ સામે બ્રિક્સ દેશો હવે પડકાર ફેંકવાની તૈયારીમાં છે. નવી વિકાસ બેંકની રચના કરવામાં આવ્યા બાદ તેની કામગીરીના સંદર્ભમાં વધુ માહિતી અને માર્ગદર્શીકા જાહેર કરવામાં આવશે. જોકે આ હિલચાલથી વિશ્વના દેશોની નજર બ્રિક્સ પર કેન્દ્રીત થઈ ગઈ છે.

## ભાવ વધારાને ડામવા માટે નેશનલ ફુડ ગ્રીડની યોજના

નવી દિલ્હી,તા. ૧૬

રોકેટ ગતિએ વધી રહેલા ભાવ વધારાને કાબુમાં લેવા માટે સરકાર હવે નેશનલ ફુડ ગ્રીડ પર કામ કરી રહી છે. ઉત્પાદન વિસ્તારોની સાથે ઓછા ઉતચ્પાદન વિસ્તારને જોડીને આગળ વધવામાં આવશે. ફળફળાદી અને શાકભાજીના બગાડને રોકવા માટે પણ પગલા લેવામાં આવશે. ફુડ પ્રોસેસિંગ પ્રધાન હરસિમરત કૌર બાદલે આ મુજબની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે વિધિવત જાહેરાત કરતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મંજૂરી લેવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે આ યોજનાુ જબ સરકાર એક ફુડ મેપ અને નેશનલ કોલ્ડ ચેઈન ગ્રીડ વિકસિત કરવા પર કામ કરી રહી છે. આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મંજૂરી માટે મુકાશે. બાદલે કહ્યું હતું કે ભાવ વધારાને રોકવા માટે સરકાર કટિબદ્ધ છે. શાકભાજી અને ફળફળાદીના બગાડને રોકવા માટે કાપણીના સમય માળખુ તૈયાર રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. જે રીતે વિજળીને જોડવા માટે પાવર ગ્રીડ છે તે જ રીતે ફુડ ગ્રીડ બનાવવામાં આવસે. બાદલે કહ્યુ હતું કે જીવન જરૂરી ચીજવસ્તુઓની ઉપલબ્ધતાની વાસ્તવિક સમયની માહિતી, પોલ્ટ્રી, ડેયરી પેદાશની માહિતી રાખવામાં આવશે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પુરતી પ્રોસેસિંગ વ્યવસ્થા નહી હોવાના કારણે ૪૪૦૦૦ કરોડની ખાદ્ય વસ્તુઓ વાર્ષિક રીતે બગડી જાય છે. દુધ સિવાય માત્ર ચાર ટકા વસ્તુઓ પ્રોસિસ્ડ છે. સરકારે અભ્યાસ બાદ જાણ્યું છે ક ભાવ વધારાને કાબુમાં લેવા અને ચીજ વસ્તુઓને જતનથી રાખવા માટે ફુડ પ્રોસેસિંગ મહત્વપૂર્ણ બાબત છે. આના પર ધ્યાન આપવાની જરૂર છે. બાદલે કહ્યું હતું કે મેગા ફુડ પાર્કને ારાહતની તૈયારી પણ ચાલી રહી છે.એગ્રીકલ્ચર પ્રોડ્યુશ માર્કેટિંગ કમિટી એક્ટમાં સુધારો કરનાર રાજ્યોને રાહત આપવામાં આવશે. મરીન પ્રોડક્ટ માટે પણ મેગા પાર્કની રચના કરવામાં આવશે.

**આશરે એક રૂપિયા સુધીનો ઘટાડો થયો**

## ડિઝલના વેચાણ પર નુકસાન ઘટી લીટરદીઠ ૨.૪૯ રૂપિયા

**જુલાઈના પ્રથમ સપ્તાહમાં નુકસાન રૂપિયા ૩.૪૦ હતું**

નવીદિલ્હી, તા.૧૬

ડિઝલના વેચાણ ઉપર નુકસાનમાં ઘટાડો થયો છે. છેલ્લા કેટલાક સમયથી સતત વધુ નુકસાન થઇ રહ્યું હતું હવે તેમાં આશરે એક રૂપિયા સુધીનો ઘટાડો થઇ ચુક્યો છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો હળવી બનતા ડિઝલના વેચાણ ઉપર નુકસાન ઘટીને પ્રતિલિટર ૨.૪૯ રૂપિયા થયું છે. ડિઝલ ઉત્પાદનના ખર્ચ અને એકંદરે છુટક વેચાણ કિંમત વચ્ચે અંતર જુલાઈના પ્રથમ સપ્તાહમાં લીટરદીઠ ૩.૪૦ રૂપિયા હતું. કારણ કે, ઇરાકમાં હિંસા ચાલી રહી હતી જેથી આંતરરાષ્ટ્રીય બજાર ઉપર માઠી અસર થઇ હતી. હવે નુકસાન ઘટીને ૨.૪૯ રૂપિયા થઇ ગયું છે. નરેન્દ્ર મોદી સરકારે અગાઉની યુપીએ સરકારની વ્યવસ્થાને જાળવી રાખી છે. મહિને નાનકડા ડોઝ મારફતે સબસિડીને નાબૂદ કરવાની નીતિ જારી રાખી છે જેના લીધે ડિઝલમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ડિઝલની કિંતમાં છેલ્લે પહેલી જુલાઈના દિવસે વધારો કરાયો હતો તેમાં ૫૦ પૈસાનો વધારો કર્યો હતો.

**એન્જિન ખરાબ થવાના કારણે સુરંગમાં ફસાઇ**

## શ્રીશક્તિ એક્સપ્રેસ ટ્રેન બે કલાક સુરંગમાં ફસાઇ ગઇ

ચંદીગઢ,તા.૧૬

માતા વૈષ્ણોદેવીના બેઝ કેમ્પ કટરા માટે સીધી જતી ટ્રેનને આજે સવારે સુરંગમાં જ બે કલાક સુધી રહેવાની ફરજ પડી હતી. કારણ કે એન્જિનમાં ખામી સર્જાઇ હતી. માતા વૈષ્ણોદેવી જતી ટ્રેનના એન્જિનમાં ખામી સર્જાઇ જાતા મોટી સંખ્યમાં લોકોને પણ અટવાઇ રહેવાની ફરજ પડી હતી. શ્રીશક્તિ એક્સપ્રેસ ટ્રેન નવી દિલ્હીથી કટરા રૂટ પર શરૂ કરવામાં આવી છે. કટરા માટે જતી સંપૂર્ણ એસી ટ્રેન બીજી વખત આ રૂટ પર દોડી રહી હતી. પરંતુ સ્ટેશનથી પાંચ કિલોમીટરના અંતરે આ બનાવ બન્યો હતો. ફિરોજપુર મંડળના રેલવે અધિકારીએ માહિતી



આપતા કહ્યું હતું કે ટ્રેન કટરા સવારે સાત વાગે પહોંચી હતી. જો કે કટરા પહોંચવાનો સમય ૫.૧૦ વાગેનો છે. હાલમાં જ આ ટ્રેન શરૂ કરવામાં આવી હતી. કટરાથી શરૂ કરવામાં આવેલ ટ્રેનને શ્રીશક્તિ ટ્રેન નામ આપવામાં આવ્યું હતુ. જમ્મુ કાશ્મીરને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં હિલચાલ આની સાથે જ શરૂ થઈ હતી. જમ્મુ કાશ્મીરમાં રેલવે સંપર્કને વધારવામાં આવનાર છે. ટ્રેન કનેક્ટિવિટી જમ્મુ કાશ્મીરને નવી ઝડપ આપશે. પાવર પ્રોજેક્ટ રાજ્યમાં ઉર્જા વધારશે. કટરા-ઉધમપુર રેલવે લાઈન ૨૫ કિલોમીટર લાંબી છે. આ સેક્સનના નિર્માણ પર આશરે ૧૧૩૨ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. નદી પર બ્રીજ ભારતમાં સૌથી વિશાળ સ્ટીલ ગીરડર બ્રીજ છે. જેની ઉંચાઈ ૮૫ મીટરની આસપાસ છે. ઉધમપુર-કટરા રટ પર આઠ ટનેલ પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરાથી પાંચ નવી ટ્રેનોની પણ જાહેરાત કરી હતી. નવી દિલ્હી, મુંબઈ, બોંગલોર અને અમદાવાદથી આ ટ્રેનો દોડાવવામાં આવશે.એન્જિનમાં સર્જાયેલી ખામીને દુર કરવા માટે નિષ્ણાંતો પહોંચી ગયા હતા.

## મહારાષ્ટ્ર : હવે પીવાના પાણીની ગંભીર કટોકટી

મુંબઈ ,તા. ૧૬

મહારાષ્ટ્રમાં મોનસુન ખેંચાઈ જવાના પરિણામ સ્વરુપે પાણીની તીવ્ર કટોકટી સર્જાવાના એંધાણ દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા એક દોઢ દશકમાં સૌથી ગંભીર પાણીની કટોકટી સર્જાવાના સંકેત દેખાઈ રહ્યા છે. જુલાઈના મધ્ય સુધીમાં પાણીનો જથ્થો ખુબ ઓછો રહ્યો છે. પડોશી પુણે પ્રદેશમાં પણ હાલત કફોડી બનેલી છે. ગયા વર્ષે આજ દિવસ સુધી ૪૦ ટકાની કુલ સ્ટોક પૈકી રાજ્યના જુદા જુદા ભંડારમાં પાણીનો જથ્થો ૧૮ ટકા રહ્યો છે. કોંકણમાં ૧૫૮ બંધ પૈકી માત્ર ૩૬ ટકા જ હવે કુલ રહ્યા છે. જ્યારે નાગપુર પ્રદેશમાં આ આંકડો ૩૫ ટકા છે. અમરાવતીમાં ૨૮ ટકા અને નાસિકમાં ૧૯ ટકા છે. મરાઠવાડા એકમાત્ર એવા વિસ્તાર તરીકે છે જ્યાં ગયા વર્ષની સરખામણીમાં પાણીના સ્ટોકમાં વધારો થયો છે. પાણીના સ્ટોકનો આંકડો નવ ટકાથી વધીને મરાઠવાડામાં ૧૫ ટકા થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં પાણીની તીવ્ર કટોકટી વચ્ચે જિલ્લા કલેક્ટરોએ લોકો સુધી પાણી પહોંચાડવા માટે ટેન્કરોની વ્યવસ્થા કરી છે. વધુ નાણાંકીય જવાબદારી પણ સોંપવામાં આવી છે. આવનાર દિવસો વધુ ચિંતાજનક રહેશે .

## ગાઝામાં ફરીવાર ઈઝરાયેલી હવાઈ હુમલા : મૃતાંક ૨૦૪

ગાઝા,તા. ૧૬

અમેરિકા અને



આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી તીવ્ર દબાણ હોવા છતાં ઈજરાયેલે નવા હવાઈ હુમલા અને ટેન્ક હુમલા જારી રાખ્યા છે. આજે સવારે પણ ઈઝરાયેલે હવાઈ હુમલા કર્યા હતા. આની સાથે જ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટાઈન પ્રદેશમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલામાં મોતનો આંકડો આજે વધીને ૨૦૪ ઉપર પહોંચી ગયો હતો. અહેવાલમાં જાણવા મળ્યું છે કે દક્ષિણી શહેર રાફહા ખાતે એક મકાનને ટાર્ગેટ બનાવીને હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે દાવો કર્યો છે કે આ હુમલામાં એક ઈસ્લામિક જેહાદનો ત્રાસવાદી ઠાર થયો હતો. પૂર્વીય ખાન યુનિસ વિસ્તારમાં ટેન્ક મારફતે હુમલા પણ કરવામાં આવ્યા છે. ત્રાસવાદીઓ અને ઈઝરાયેલ વચ્ચે ખરાખરીનો જંગ જારી રહ્યો છે. ગાજા પટ્ટીના દરિયાકાંઠાના વિસ્તારોમાં હુમલાઓ કરવામાં આવ્યા છે. પેલેસ્ટેનિયન હુમલાઓને રોકવાના હેતુસર છેલ્લા કેટલાક દિવસથી ઈઝરાયેલ દ્વારા હવાઈ હુમલાઓ ગાઝાપટ્ટી અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવી રહ્યા છે. ઈઝરાયેલી દળોએ હવાઈ હુમલાઓના છત્ર હેઠળ ઉત્તરીય ગાઝામાં એક સ્થળ ઉપર હુમલો કર્યો હતો. ઈઝરાયેલી લશ્કરી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ત્રાસવાદીઓ દ્વારા કરાયેલા હુમલામાં ચાર કમાન્ડોને ઈજા થઈ છે. ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય સમુદાયના દબાણ છતાં જોરદાર હુમલાઓ કરી રહ્યું છે. પેલેસ્ટેનિયન અધિકારીઓએ કહ્યું છે કે, માર્યા ગયેલામાં હિંસાનો અંત લાવવા માટે ઈઝરાયેલ અને હમાસ બંનેને અપીલ કરવામાં આવી હોવા છતાં લડાઈનો વહેલીતકે અંત આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. સરહદપારથી હિંસક પ્રવૃત્તિ જારી રહી છે. યુદ્ધ વિરામ માટેની જરૂરિયાત ઉપર ચર્ચા કરવા આજે પશ્ચિમી વિદેશ પ્રધાનોની બેઠક બોલાવવામાં આવી હતી. ઈઝરાયેલમાં પણ જુદી જુદી જગ્યાઓ ઉપર હુમલા થયા છે.


## સમાચાર ઝલક

- રાજયનું આયોજન બજેટ પુરેપુરું વપરાશે નહિ તેવી ભીતિ.
- ગૌહત્યા અટકાવવા શહેરમાં પોલીસનું સઘન ચેકીંગ. ઠેર ઠેર નાકાબંધી.
- રાજકોટમાં ગુંડારાજ યથાવત. સોની વેપારીનું ૨૪ લાખનું સોનું લઈ ત્રણ બંગાળી ફરાર.
- આગામી દિવસોમાં ભયંકર રોગનું સ્થાન અલ્ઝાઈમર લેશે.
- અચ્છે દિન પૂરે! ચોમાસાના પ્રારંભે જ વીજળી રાણીના રિસામણાં શરૂ. વીજતંત્રમાં દોડધામ.
- કાશ્મીરમાં ઈરાક અને સીરીયા જેવી સ્થિતિ ઉભી કરવા માટેનું કાવતરું.
- ચીન માનસરોવર યાત્રા માટે બીજો રસ્તો ખોલવા તૈયાર વડાપ્રધાનશ્રી મોદીની રજૂઆત.
- બદલાતી જતી જીવનશૈલી મોંઘવારી વધારાનું મુળ છે.
- અમદાવાદ-મુંબઈ જતી લોકલ ટ્રેનમાં લૂંટારુંઓ ત્રાટકયા.
- ટુંકી મુદત થાપણ દરમાં ઘટાડો કરાયો. સ્ટેટ બેંકમાં અમલ.
- પાલીતાણા અને ગોંડલના ચાર મહાસતીજી ઓચિંતા બીમાર. ખાનગી હોસ્પિટલમાં સારવાર. જૈન સમાજમાં ચિંતા.
- ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પક્ષના ૫૦ ધારાસભ્યો અમિત શાહના સંપર્કમાં.
- ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા પ્રયત્નો.
- ઉત્તરાખંડમાં ભારે વરસાદથી કેદારનાથ યાત્રા રોકવામાં આવી.
- કોર્ટોમાં કામકાજના કલાકો વધારાશે. ચીફ જસ્ટીસ લોઢાના પ્રયત્નો.
- લેભાગુ જમીન-મકાન-દલાલ-એજન્ટો સામે કેન્દ્રની ગંભીર નજર.
- સામાજિક સમરસ્તાનો નવો ઉદય, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી ૮૦થી વધુ દલિત વિદ્યાર્થીઓએ કર્મકાંડ અંગેની ડીગ્રી મેળવી.

## ભારે વરસાદ વચ્ચે ચારધામની યાત્રા રોકાઈ

નવીદિલ્હી, તા. ૧૬

ચારધામની યાત્રા આડે ફરી એકવાર મુશ્કેલી સર્જાઇ છે. ઉત્તરાખંડમાં બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી અને ગંગોત્રીની ચાર ધામની યાત્રાને રાજયના ઉંચાણવાળા વિસ્તારોમાં અતિ ભારે વરસાદના કારણે ભરી એકવાર રોકી દેવામાં આવી છે. કેદારનાથની યાત્રાને સુરક્ષાના કારણોસર ૧૮મી જુલાઈ સુધી રોકી દેવામાં આવી છે. આ વિસ્તારમાં અતિ ભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે. રૂદ્રપ્રયાગ જિલ્લાના મેજિસ્ટ્રેટ રાઘવ લાંગરે માહિતી આપતા કહ્યુંછે કે ચારધામની યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આડે તકલીફ ઉભી થઈ છે. સેંકડો શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. હવામાન વિભાગે અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ગયા વર્ષે વિનાશકારી પુરના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. જોશીમઠ વિસ્તારમાં અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. અલખનંદા અને મંદાકિની નદીમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે વધી છે. ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. રૂદ્રપ્રયાગ-ગૌરીકુંડ નેશનલ હાઈવે ઉપર ભેખડો ધસી પડવાના બનાવ બન્યા છે. આ ઉપરાંત રૂદ્રપ્રયાગ જિલ્લામાં સોનપ્રયાગ-કેદારનાથ પટ્ટા ઉપર પણ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. આઈએમડીના ડિરેક્ટર બીપી યાદવના જણાવ્યા મુજબ લો પ્રેશરની સ્થિતિ ઉત્તર છત્તીસગઢથી આગળ વધી રહી છે જેના લીધે ઉત્તરાખંડમાં ભારે વરસાદ થઈ શકે છે. એલર્ટ મુજબ ઉત્તરકાશી, ચમોલી, પિથોરાગઢ, ચંપાવત, નૈનીતાલ, અલ્મોડા, ઉધમસિંહ નગર જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. યોગગુરુ બાબા રામદેવની જીદના કારણે આશરે ૪૫૦ બાળકો ઉત્તરાખંડમાં યમનોત્રીમાં ફસાઈ ગઈ છે. ઉત્તરાખંડ સરકારના ખરાબ હવામાનના એલર્ટ છતાં બાબા રામદેવ બાળકોની સાથે યમનોત્રી રવાના થઈ ગયા હતા. સંપર્ક માર્ગો તુટી જવાના કારણે બાબા રામદેવ



સહિત સેકડો યાત્રીઓ યમનોત્રીમાં ફસાઈ ગયા છે. અતિ ખરાબ ખરાબ હવામાનના કારણે હવામાન વિભાગે એલર્ટની જાહેરાત પણ કરી હવામાનના કારણે ઉત્તરાખંડ સરકારે ચારધામની યાત્રાને બંધ કરી દીધી છે. એલર્ટ છતાં બાબા રામદેવ ૪૫૦ બાળકોની સાથે યમનોત્રી પહોંચી ગયા હતા. જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો બાબા રામદેવ સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ ઉત્તરાખંડના ડીજીપી બીએસ સિદ્ધુએ માહિતી આપી છે. ઉત્તરાખંડમાં ફરીએકવાર ગંભીરપ્રકારની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. સ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા છે. અટવાઈ પડેલા શ્રદ્ધાળુઓની સાવચેતી રાખવામાં આવી રહી છે. બાબા રામદેવના કારણે અટવાઈ પડેલા બાળકોને બચાવી લેવા માટે અને તેમને સુરક્ષિત કાઢવાના પ્રયાસો હાથ ધરાયા છે.

## દિલ્હીમાં નવી સરકારની રચના કરવા ભાજપની કવાયત

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હીમાં સરકારની રચના કરવા માટેના પ્રયાસો ફરી એકવાર હાથ ધરવામાં આવ્યા છે. કોંગ્રેસના ધારાસભ્યની મદદથી સરકાર રચવાની કવાયત હાથ ધરવામાં આવી છે. નવેસરથી વિધાનસભાની ચૂંટણીને ટાળવાના હેતુસર કેટલાક કોંગ્રેસના ધારાસભ્યોની મદદથી દિલ્હીમાં સરકાર રચવા માટે ભાજપે પોતાની રીતે પ્રયાસો હાથ ધર્યા છે. વિધાનસભામાં છ સભ્યોના કોંગ્રેસ એકમમાં ભંગાળની શક્યતા ઉભી થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસથી આ પ્રકારની સ્થિતિ સર્જાઈ જવાના કારણે નવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હી ભાજપના વડા તરીકે



સતીશ ઉપાધ્યાય અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમિત શાહની નિમણૂંક કરવામાં આવ્યા બાદ નવી સરકાર રચવાની કવાયત શરૂ થઈ છે. અમિત શાહ ભાજપ નેતાઓના સંપર્કમાં દેખાઈ રહ્યા છે કોંગ્રેસના અલગ થયેલા સભ્યોની મદદથી સરકાર રચવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. કોંગ્રેસના છ ધારાસભ્યો ભાજપ સરકારને ટેકો આપી શકે છે. દિલ્હી કોંગ્રેસના વડા અરવિન્દરસિંહે કહ્યું છે કે, આ પ્રકારની અટકળો હાલ આધાર વગરની છે. દિલ્હીમાં ચૂંટણી વગર સરકાર બને તેવા પ્રયાસ ભાજપ દ્વારા હવે હાથ ધરવામાં આવી ચુક્યા છે. મિડિયામાં ચાલી રહેલા અહેવાલો વચ્ચે અટકળો તીવ્ર બની છે. જગદીશ મુખીને દિલ્હીના મુખ્યમંત્રી બનાવવાની તૈયારી ચાલી રહી છે. ભાજપના એક મોટા નેતાએ કહ્યું છે કે, આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ નવેસરથી ચૂંટણી માટે પ્રયાસ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિને તેઓ મળી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મૌન ઉપર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેમના ધારાસભ્યોને ૨૦-૨૦ કરોડ આપીને ખરીદવાના પ્રયાસ થઈ રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના સભ્યોને તોડવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે, ઓછામાં ઓછા છ કોંગ્રેસી ધારાસભ્યો મદદ કરી શકે છે. કોંગ્રેસના કેટલાક સભ્યો ટેકો આપી શકે છે.

## ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે આજથી લોર્ડસમાં ટેસ્ટ મેચ

લોર્ડસ,તા. ૧૬

લોર્ડ્સના ઐતિહાસિક મેદાન ઉપર આવતીકાલથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમ્યા બાદ ધોનીના નેતૃત્વમાં ભારતીય ક્રિકેટ ટીમ આ ટેસ્ટ મેચને લઈને ખૂબ જ ઉત્સુક દેખાઈ રહી છે. બીજી ટેસ્ટ મેચમાં બન્ને ટીમો વધુ સારો દેખાવ કરવા ઉત્સુક દેખાઈ રહી છે. બન્ને ટીમો જોરદાર પ્રેક્ટીસ પણ કરી ચુકી છે. ભારતીય ટીમના તમામ ખેલાડીઓ છવાઈ જવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. ટેન્ટબ્રીઝ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ કોઈ વધારે સારો દેખાવ કરી શકી નહતી. ભારતે બીજા દિવસે ૪૨ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી જ્યારે ત્રીજા દિવસે ઈંગલેન્ડે ત્રીજા દિવસે ૬૮ રનમાં છ વિકેટ ગુમાવી હતી. જ્યારે અન્ય દિવસોની રમત પણ ખૂબ જ નિરાશાજનક રહી હતી. હવે આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચમાં બન્ને ટીમો સાવધાનીપૂર્વક મેદાનમાં ઉતરશે અને એકબીજા ઉપર દબાણ વધારવાના હેતુસર પ્રયાસ કરશે. ઝડપી બોલરોની અસરકારક્તાને જોતા ઈંગ્લેન્ડ થોડોક ફાયદો મળી શકે છે પરંતુ ભારતીય બેટ્સમેનોના ક્રમને જોતા વધારે તકલીફ પડે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આ ટેસ્ટ મેચમાં ટોસ પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.